## વાત ગાંધીનગરની

નવરાત્રીના ઝગમગાટ વિના શહેર સુનુ સુનુ લાગે છે. રાસ ગરબા વિના આરતી કેટલાક સ્થાનો પર યોજાય છે અને ભાવિકો મર્યાદિત સંખ્યામાં સોશિયલ ડીસ્ટન્સીંગ સાથે માતાજીની આરાધના કરે છે. સંભાવના હતી કે કેટલાક ચોકઠામાં કે ધાબાઓ ઉપર ગરબા ગવાશે પણ હજુ સુધી એવી કોઈ વાત બહાર આવી નથી. નવરાત્રીની સાથોસાથ પેટા ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. શહેરમાં રહેતા મંત્રીઓ અને નાયબ મંત્રીઓ તો આજકાલ પ્રચારમાં જ વ્યસ્ત છે. જ્યારે બંને પક્ષના સંગઠનના આગેવાનો પણ વ્યૂહરચના ઘડવામાં તથા સંબંધિત જીલ્લા મથકો પર અડ્ડો જમાવીને બેઠા છે. અર્થાત ગાંધીનગર આજકાલ રાજકારણથી મુક્ત છે...

**મનપામાં વહિવટદાર મુકવાના ભણકારા**

મનપા ભાજપની જુથબંધીની પરાકાષ્ઠા સામાન્ય સભામાં છતી થતાં ભાજપ હાઈ કમાન્ડ ચિંતામાં ડુબી ગયું છે. છેલ્લા બે વર્ષથી બન્ને પક્ષોની ફરિયાદો સાંભળી સાંભળી મોવડીમંડળ હવે એટલી હદે તંગ આવી ગયુ છે કે મનપાનું બોર્ડ વિખેરી વહિવટદાર નિમવાની વિચારણા ચાલી રહી છે. ચૂંટણી માત્ર પાંચેક મહિના બાદ યોજાવાની છે ત્યારે રોજબરોજ ખરડાતી પક્ષની પ્રતિષ્ઠાને જાળવવાનો એક માત્ર ઉપાય બચ્યો છે. કારણ કે પાંચ કે છ કાઉન્સીલરોની સામે શિસ્તના પગલાં લેવાય તો ભાજપ લઘુમતીમાં આવી જાય ને કોંગ્રેસ ગેલમાં આવી જાય. જો પગલાં ન લેવાય તો ચૂંટણી પહેલાં ભવાડા વધતા જાય એટલે આ બધા પરિણામોથી બચવા બધા જ કાઉન્સીલરોને ઘર ભેગા કરી વહિવટદારનો વિચાર એક ટોચના આગેવાને મોવડી મંડળને સુચવ્યો છે અને એવુ થાય તો નવાઈ પણ નહી..!

**ઘીના ઠામમાં ઘી**

મુખ્યમંત્રીના બંગલે સોમવારે સવારે ડેમેજ કંટ્રોલ બેઠક યોજાઈ હતી. ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદભાઈ અને સંસદસભ્ય મિતેષભાઈ વચ્ચેના આક્ષેપો-પ્રતિ આક્ષેપોને ઠારવા દંડક પંકજ દેસાઈની ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક ગોવિંદભાઈને સમજાવી દેવાયા હતા. આમ ભાજપની ચૂંટણી પહેલાંની ઘાત ટળી હતી.

**વર્ચ્યુઅલ ગરબાની બોલબાલા**

આજકાલ નવરાત્રી પર્વમાં વર્ચ્યુઅલ ગરબાનો નવો ટ્રેન્ડ ચાલે છે. લાયન્સના 'નોરતા' પણ આ વખતે 'ઈ-નોરતા' ઉજવાય છે જ્યારે કલ્ચરલ ફોરમ પણ પોતાની વેબસાઈટ અને યુ ટ્યૂબના માધ્યમથી ભૂતકાળના ૨૫ વર્ષમાંથી પસંદગીના ગરબા અને આરતી પુનઃ પ્રસારિત કરે છે. આ ઉપરાંત અનેક નામી કલાકારો પોતાના ફેસબુક પેઈઝ ઉપરથી રોજેરોજ પસંદગીના ગરબા રજુ કરે છે અને ગરબાપ્રેમીઓ ઘરમાં કે ઘરના આંગણે અસલ ગરબા ભુલી ગરબાનો શોખ પુરો કરે છે.

**રાજકીય પ્રસાદનો જય જયકાર**

નવરાત્રીના પર્વોમાં છેલ્લે છેલ્લે વ્યક્તિગત પેકીંગ સામે પ્રસાદ વહેંચવાની મંજુરી આપનારી સરકારને પેટા ચૂંટણીમાં ચાલતા રાજકીય જમણવાર નજરમાં નથી આવતા કે શું..?! એવી ચર્ચા ગાંધીનગરમાં જોરશોરથી ચાલે છે. માતાજીના પ્રસાદ માટે નિતી નિયમો અને મત મેળવવાના પ્રસારણમાં કોઈ નીતિ કોઈ નિયમ કશું જ નહિ. આ કઈ જાતની શાસક પરંપરા છે એ જ સમજાતુ નથી એવા પણ ઉચ્ચારણો રાજકીય પંડિતો બોલી રહ્યા છે.

**આજનો 'અર્ક'...**

સફળતા એ હજારો અસફળતાઓમાંનો આખરી મુકામ છે.

# નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ બાકી કામ હવે પુર્ણ કરાશે

**લોકડાઉનના અંતે સે-૬ અને સે-૭ માં આંતરિક માર્ગોનુ કામ અધુરુ રહ્યુ હતુ વરસાદી દિવસોના અંતે હવે કામ શરૂ કરાશે : અંદાજિત ૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૦

શહેરના સેકટરોમાં વરસાદી દિવસોના અંતે તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ કોરોના કાળ પુર્વે શહેરના નવા સે-૬ થી ૮ માં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરાયુ હતુ જયારે હવે બાકી રહેતુ કામ પુર્ણ કરવા માટે હવે કામ શરૂ કરાશે. આ કામગીરી સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરાશે. જયારે માર્ગ સુધારણા પાછળ અંદાજિત રૂ ૩.૫૦ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના સેકટરોમાં વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. અગાઉ કોરોના કાળના પ્રારંભિક તબક્કે સઘળી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી જયારે આ સમયગાળા દરમિયાન નવા સેકટરોમાં આંતરિક માર્ગ સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાથી આ કામ અધુરુ મુકી દેવાયુ હતુ જયારે બાદમાં વરસાદી દિવસો શરૂ થતા માર્ગ સુધારણાના કામો આમ પણ બંધ રાખવાની ફરજ પડી હતી. જો કે વરસાદી દિવસો દરમિયાન શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની દશા વધુ ખરાબ બની છે. શહેરના નવા અને જુના સેકટરોમાં માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જેને અનુલક્ષી નગરના સે-૧૭ અને સે-૧૯ સહીત સે-૨૪ થી સે-૨૭ માં માર્ગ સુધારણાના કામોને તબક્કાવાર મંજુરી આપી શરૂ કરી દેવાયા છે. લોકડાઉન પુર્વે નગરના સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરાયુ હતુ અંદાજિત રૂ ૩,૫૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરીને અનુલક્ષી સેકટરોના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે પેવર કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ કોરોનાનો કહેર શરૂ થતા આખરે આ કામ બંધ કરી દેવાયુ હતુ જયારે બાદમાં વરસાદી દિવસોના લીધે હજુ સુધી સેકટરોના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરી શકાયુ ન હતુ. જયારે હવે વરસાદની સિઝન પુરી થતા નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ બાકી કામ ફરી શરૂ કરી દેવાયુ છે. સે- ૬ માં હવે આંતરિક માર્ગોનુ પેવર કામ હાથ ધરાશે. આ કામગીરી સરકારી પ્લાન્ટમાંથી હાથ ધરવામાં આવશે. સે-૮ માં અગાઉ કામ પુર્ણ કરી દેવાયુ હતુ જેથી હવે સે-૬ અને સે-૭ માં બાકી રહેતી કામગીરી પણ પુર્ણ કરાશે.



આસ્થાનું પ્રતિક - આસ્થા અને ઉર્જાના પર્વ નવરાત્રી દરમિયાન ભલે રાસ-ગરબા ન યોજાય પણ માતાજીના પૂજન-અર્ચન માટે ફુલોની ઘરાકી પ્રમાણમાં સારી છે... નવરાત્રીના આરંભથી લાભ પાંચમ સુધી વિવિધ પ્રકારના ફુલો બજારમાં ઠલવાતા હોય છે... આ સમગ્ર ૩૫ દિવસ દરમિયાન ભારતીય સંસ્કૃતિમાં પૂજન-અર્ચનનો મહિમા છે... જેના પગલે અસ્થાના પ્રતિક સમા ફુલ અને ફુલનો હાર અર્પણ કરવા ભાવિકો વ્યાપક પ્રમાણમાં ખરીદી કરે છે...

# ગાંધીનગરના ડેપો મેનેજર સહિત એસ.ટી.ના ત્રણ કર્મચારીઓને કોરોના

**ડેપોમાં ફરજ બજાવતા કુલ ૧૦૩ કર્મચારીઓનુ ટેસ્ટીંગ કરાયુ : સારવાર માટે જરૂરી સમજણ પણ અપાઇ**

ગાંધીનગર તા ૧૯

શહેરના સેકટરોમાં રોજબરોજ કોરોનાના નવા કેસો સામે આવી રહ્યા છે. જયારે સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ કોરોનાના સંક્રમણથી પ્રભાવિત છે. આજે નગરના એસ ટી ડેપોમાં પણ કોરોનાનુ ટેસ્ટીંગ કરવામાં આવ્યુ હતુ જેમાં કુલ ૧૦૩ કર્મચારીઓનુ ટેસ્ટીંગ કરાયુ હતુ જયારે આ દરમિયાન ડેપો મેનેજરને સહીત ત્રણ કર્મચારીઓને કોરોના પોઝીટીવ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.

શહેરમાં કોરોનાના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોનાના ટેસ્ટીંગ માટે પણ નગરના જાહેર સ્થળોએ કોરોના ટેસ્ટ થઈ શકે તેવી વ્યવસ્થા



કરવામાં આવી છે. કોરોનાના ટેસ્ટ વધુ થાય તે માટે પણ પ્રયાસો થઈ રહ્યો છે. જેના લીધે અગાઉ કરતા કોરોના કેસની સંખ્યા પણ વધી છે. નગરના જાહેર સ્થળો પર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૩, માણસામાં ૧ અને કલોલમાં ૫ કેસ નોંધાયા : ૮૯ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે જો કે ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૩, માણસામાં ૧ અને કલોલમાં ૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામમાં કોરોનાએ પુનઃ દેખા દીધી છે. આજે સરઢવમાંથી ૭૦ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રૂપાલ ગામેથી ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૮ વર્ષીય વેપારી અને ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઝુંડાલમાંથી ખાનગી નોકરી કરતી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુર ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૭૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૩૫ વર્ષીય ખાનગી નોકરી કરતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામ તાલુકાના પીંપળજ ગામેથી ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ધારીસણા ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. જેમાં ૩૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસામાંથી આજે એક કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયો છે. માણસા અર્બનમાંથી ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાંથી આજે પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયા છે.

તાલુકાના રકનપુર ગામેથી ૨૩ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સાંતેજ ગામેથી ૪૬ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૨૧ દર્દીઓ નોંધાયા

**આજે સેક્ટર-૪ માંથી ૪, સે. ૨૯ માંથી ૩, સે. ૨ માંથી ૩, સે. ૧૪, ૨૮, ૨૨ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૧, સે. ૧, ૨૬, ૨૪ અને બોરીજ ગામમાંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૧ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના કેસોની સંખ્યા ૧૬૭૯ થઈ છે. શહેરમાં ખુબ જ રોકેટ ગતિએ કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

આજે પણ ૧૯ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ રહેવાનો વિકલ્પ પસંદ કર્યો છે. બે બાળકો પણ સંક્રમિત થયા છે. આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દી નોંધાયા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

આજે સેક્ટર-૪ માંથી ૪, સે. ૨૯ માંથી ૩, સે. ૨ માંથી ૩, સે. ૧૪, ૨૮, ૨૨ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૧, સે. ૧, સે. ૨૬, સે. ૨૪ અને બોરીજ ગામમાંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે જો કે આ ગામોમાં સર્વેલન્સ સઘન કરવાની કડક સૂચનાઓ અપાઈ છે.

સે. ૨૧માં રહેતા અને સચિવાલય સંકુલમાં ફરજો બજાવતા ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ જે કોરોના માટે પહેલેથી જ સંવેદનશીલ રહ્યુ છે અને આજે એક જ દિવસમાં ૪ કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

ગુજરાત સેલ્સ ટેક્ષમાં ડે. કમિશનર તરીકે ફરજો બજાવતી અને સે. ૪ માં રહેતી ૫૩ વર્ષીય મહિલા અધિકારી કોરોનાથી સંક્રમિત થઈ છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માં રહેતા અને ખાનગી સચિવ તરીકે સીટી સિવિલ સેશન્સ કોર્ટમાં ફરજો બજાવતા ૩૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ખાનગી કંપનીમાં નોકરી કરતા ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

સે. ૨૯ માંથી માતા અને બે દિકરીઓ કોરોનામાં સપડાઈ છે. ૩૯ વર્ષીય માતા અને તેની ૧૨ વર્ષની અને ૮ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૪ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૧૪ માં રહેતા ખોરજ ખાતે નોકરી કરતા ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદ કોર્પોરેશનમાં વિદ્યા સહાયક તરીકે ફરજો બજાવતા ૩૧ વર્ષીય શિક્ષકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. રિલાયન્સ જીઓમાં નોકરી કરતા અને સે. ૨૮ માં રહેતા ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત સે. ૨૫ માં આવેલ જીઆઈડીસી ખાતે વેરહાઉસમાં ફરજો બજાવતા ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૨માંથી પણ આજે વધુ બે કેસ મળતાં તંત્રની ચિંતા વધી જવા પામી છે. આજે ૯૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો

● અનુસંધાન પાન-૭ પર

## સાહિત્ય પરિષદની ચૂંટણીમાં ૧૨૮૦ મતદારોએ મતદાન કર્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં આજે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. છેલ્લી ચૂંટણીઓ કરતાં આ વેળાએ ચૂંટણીમાં મતદારોએ વધુ મતદાન કર્યુ છે.

મળતા અહેવાલો પ્રમાણે ૩૩૦૦ જેટલા સભ્યો ધરાવતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં આ વખતે ૧૨૮૦ મતદારોએ મતદાન કર્યુ છે. આજે મતપત્રો સ્વીકારવાનો અંતિમ દિવસ હતો.

આ સાહિત્ય પરિષદની ચૂંટણીએ સાહિત્ય જગતમાં ભારે રસાકસી જોવા મળી રહી છે. પ્રમુખપદની સ્પર્ધામાં ગાંધીનગરના બે ઉમેદવારો ઉપરાંત મધ્યસ્થ સમિતિમાં સભ્યપદ માટે પણ ગાંધીનગરના ઉમેદવારોએ ઝુકાવ્યુ છે જે ઉલ્લેખનીય છે. આ વખતનો જંગ રસાકસીભર્યો બની રહેશે તેમ જાણકારોનું કહેવુ છે.

## ગુજરાત વિધાનસભા પેટા ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા કર્મચારીઓને સવેતન રજા

ગાંધીનગર,તા.૧૯

રાજયમાં આગામી ત્રીજી નવેમ્બરના રોજ ગુજરાત વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી દરમિયાન શ્રમયોગી/કર્મચારીઓ મતાધિકારનો ઉપયોગ કરી શકે એ માટે સવેતન રજા આપવાની રહેશે એમ રાજયના શ્રમ નિયામકશ્રીની યાદીમાં જણાવાયુ છે. આગામી તા. ૦૩-૧૧-૨૦, મંગળવારના રોજ ગુજરાત વિધાનસભા મત વિભાગની ૦૧-અબડાસા, ૬૧-લીંબડી, ૬૫-મોરબી, ૯૪-ધારી, ૧૦૬-ગઢડા, ૧૪૭-કરજણ, ૧૭૩-ડાંગ, અને ૧૮૧-કપરાડા બેઠકો ઉપર પેટા ચૂંટણી યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલી સંસ્થાઓના શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજુર કરવાની રહેશે.

શ્રદ્ધાંજલિ



સ્વ. મૌલિક ડી. ત્રિવેદી
(અનામિકા એકેડમી)
મરણ અહીં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...
જ્ઞાન એકેડમી - જ્ઞાન લાઈન પરિવાર
ફેકલ્ટી તથા સ્ટાફ

મકાન ભાડે આપવાનું છે
સેક્ટર-૨ (બી)માં ૯૦ મીટરના સ્વતંત્ર મકાન
(નોકરીયાત જ સંપર્ક કરે)
સંપર્ક : ૯૩૭૪૪ ૬૭૩૨૧
ગીરીશ ઠાકર

IS : 1786
Birla TMT se bana hai toh Samjo permanent ho gaya!
Manufactured with 100% fine billets with German HYQST Technology, Birla TMT is far advanced than the ordinary TMT Bars and more efficient to protect even high-rises against earthquake, fire & corrosion. This is why any construction built with Birla TMT stands stronger and firm for ever.
Better Ductility & Tolerance | Excellent Welding & Bending Ability | Earthquake Resistant
Corrosion Resistant | Fire Resistant | Better Bonding Ability | More Saving of Steel
अपने देश सा मज़बूत...



BIRLA TMT STEEL
Authorised Dealer
KAILAS TRADERS
Gandhinagar
98242 61225 / 98250 51675
/birlasteelgujarat 98589 56000

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com